**રાજકોટના મહે. ૧૫ માં ચીફ જ્યુડી. મેજી. તથા અધિક સિનીયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં,**

**ફોજદારી કેસ નં.– પ૨૩૪૩ / ૨૦૨૧**

**આંક–.....**

**ફરીયાદી – સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી – સુરેશ હેમુ જખાણીયા**

**ગુન્હો :– પ્રોહીબીશન એકટની કલમ– ૬પએએ**

**:: જજમેન્ટ ::**

**(૧)..** આ કામના ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ આ કામના ચાર્જશીટમાં જણાવેલ તારીખે સમયે અને સ્થળે અંગત કબ્જા માંથી વગર પાસ પરમીટે દારૂ મળી આવતા પ્રોહી ૬પ એએ મુજબનો ગુનો કરેલ હોય આરોપીને અટક કરી પોલીસ તરફથી ચાર્જશીટ રજુ કરેલ છે. આરોપી હાલ જામીન મુકત છે આરોપી કોર્ટમા સમન્સ બજતા હાજર હોય કેસની નકલો આપવામા આવેલ છે આંક–**......** ની ગુન્હા કબુલાતી પુરશીશ આપી ગુન્હાની સ્વૈચ્છિક કબુલાત કરેલ છે અને તેઓ ગુનો કરેલાનો પસ્તાવો છે અને ભવિષ્યમા તેવી ભુલ ન થાય તેમ જણાવે છે.સદરહુ ગુન્હા અંગે આંક– **....** થી જવાબ લેવામા આવેલ છે પ્રથમ ગુનો અજાણતા થઈ ગયેલ હોય દયા કરવા કોર્ટને અરજ કરેલ છે.

**(૨)..** વધુમાં આરોપીના કેસ જોતા ઉપરાંત કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગેના નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોના કેસમાં ૨૦૦૫ જી.એલ.આર.પાના નં.૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદામા માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપીને ઓછી સજા કરવી

ન્યાયોચિત જણાય છે જેથી આરોપીને સુધરવાની તક મળે તેથી આ કેસના તમામ સંજોગો લક્ષમાં લઈ નીચે મુજબ હુકમ કરુ છુ.

**:: હુકમ ::**

**(૧)** આ કામના આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ–૨૪૧ મુજબ પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ એ એ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિવસ–૧૦ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ તારીખ : ૧૨ મી, માંહે : જુલાઇ , સને : ૨૦૨૫ ના રોજ લોકઅદાલતમાં સ્પે.સીટીગમાં જાહેર કર્યો.

**તા.૧૨/૦૭/૨૦૨૫**
**રાજકોટ**
**લોકઅદાલત**

**(એમ.એમ.શેખ)**
**૧૫ માં અધિક ચીફ જ્યુડી. મેજી.**
**રાજકોટ.**
**U.I.C. NO. GJ01294**